UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૨૬, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૧૪



## યુજીવીસીએલ દ્વારા જુસ્સાભેર અમલમાં મુકવામાં આવેલ ‘સ્વચ્છ યુજીવીસીએલ’ સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ



**ચોથી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં હિંમતનગર ચેમ્પિયન જ્યારે પાલનપુર રનર્સ-અપ**



**નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન**



**શ્રીમતી છાયાબેન આર. દેસાઈની મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે પુનઃ નિયુક્તિ**

**વર્ષ–૫ અંક–૨૬, સપ્ટેમ્બર – ઓક્ટોબર ૨૦૧૪**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એ. કે. મંગલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ. એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી જે. એમ. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

**સંકલન :** ૨૦/૧૦/૨૦૧૪

## આ અંકમાં

**ઝુંબેશ**

» યુજીવીસીએલ દ્વારા જુસ્સાભેર અમલમાં મુકવામાં આવેલ 'સ્વચ્છ યુજીવીસીએલ' સફાઇ ઝુંબેશનો કાર્યક્રમ..........૦૪

**કબડ્ડી**

» ચોથી ઇન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં હિંમતનગર ચેમ્પિયન જ્યારે પાલનપુર રનર્સ–અપ..............................૦૬

**સ્નેહ મિલન**

» નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન.......૦૮




**ગૌરવ**

» શ્રીમતી છાયાબેન આર. દેસાઇની મુખ્ય ઇજનેર (ઓપરેશન) તરીકે પુનઃ નિયુક્તિ.......................................૦૯

» યુજીવીસીએલ પરિવારનું ગૌરવ...........................૦૯

**ટેબલ ટેનિસ**

» નવમી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં શ્રી પી.પી. પ્રજાપતિ પુરૂષ વિભાગ તથા શ્રીમતી ચંદ્રીકાબેન મોદી મહિલા વિભાગમાં ચેમ્પિયન........૧૦

**કાવ્યધારા**

» સરિતા અને સાવન........................................૧૨

» આજ આવશે વરસાદ.....................................૧૨

**ટેઇનીકોઇટ**

» ઇન્ટર સર્કલ ટેઇનીકોઇટ ટુર્નામેન્ટમાં નીતાબેન સાટોડીયા સતત છઠ્ઠા વર્ષે ચેમ્પિયન શ્રીમતી પ્રવિણાબેન પટેલ રનર્સ–અપ.......................૧૩

**કેરમ ટુર્નામેન્ટ**

» યુજીવીસીએલ દ્વારા નવમી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન...............................૧૪

# સંદેશ



**રાજ્ય સરકાર દ્વારા ''મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન''ના નામે સ્વચ્છતા અભિયાન ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે, જે અન્વયે આપણી કંપની દ્વારા 'સ્વચ્છ યુજીવીસીએલ' અભિયાન અંતર્ગત સફાઇ ઝુંબેશનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

***''ગામની સફાઇ થાય તો ઘરની સફાઇ તો બાકી જ રહે છે. બુદ્ધ, મહાવીર, ઈસુ કે ગાંધી ગમે તેટલી સામાજિક સાફસુફી કરે તોયે જીવનશુદ્ધિ તો આપણે જાતે જ કરવી પડે છે.''***

**– ગુણવંત શાહ**

ગુજરાતના પ્રખર ચિંતક શ્રી ગુણવંત શાહના આ શબ્દો અત્યારે યાદ કરવાનું વિશેષ કારણ છે. આપણા દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં લોકોએ ઉત્સાહભેર ''સ્વચ્છ ભારત અભિયાન'' હાથ ધર્યું છે. રાજ્ય સરકારે પણ ''મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન''ના નામે સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે અને આપણી કંપનીએ પણ 'સ્વચ્છ યુજીવીસીએલ' અભિયાન અંતર્ગત સફાઇ ઝુંબેશનું આયોજન હાથ ધર્યું છે.

આ બહુ આનંદની વાત છે. આટલા મોટા પાયે સ્વચ્છતા માટે પ્રયાસો થયા હોય એવું નજીકના ઇતિહાસમાં ક્યારેય બન્યું નથી. દિવાળીના દિવસો નજીક આવે ત્યારે આપણે પોતપોતાના ઘરની સફાઈ તરફ ધ્યાન આપીએ છીએ, તેમ આ વખતે તો આપણે વ્યાપક સ્તરે સફાઈ પર ધ્યાન આપ્યું છે. પરંતુ હું આપને ખાસ અનુરોધ કરું છું કે સ્વચ્છતા અને સફાઈને ફક્ત એક અભિયાનના ભાગરૂપે ન જોતાં, તેને આપના દૈનિક જીવનનો એક ભાગ બનાવજો. સફાઇ ઝુંબેશ એ માત્ર એક જ વાર કરવાની કામગીરી તરીકે નહિ પરંતુ નિરંતર કરવાની કામગીરી તરીકે સ્વીકારીશું તો જ સાચા અર્થમાં 'સ્વચ્છ ભારત'ના મિશનને સફળ બનાવી શકીશું.

દિવાળી અને નૂતન વર્ષને ધ્યાનમાં રાખીને આ જ વાત આગળ ધપાવીએ તો શ્રી ગુણવંત શાહે કહ્યું છે તેમ ઉજાસ અને આશાથી સંપન્ન આ દિવસોમાં આપણે પરિસરશુદ્ધિની સાથોસાથ આત્મશુદ્ધિ માટે પણ સક્રિય બનીએ તથા પોતાની ફરજને પોતાનો ધર્મ માનીએ તો પોતાના પરિવાર તથા સમાજનું સાચા અર્થમાં કલ્યાણ કરી શકીશું.

દિવાળીની ઉમંગભરી ઉજવણી પછી સવંત ૨૦૭૧નું નૂતન વર્ષ આપ તેમ જ આપનાં કુટુંબીજનો માટે અપાર સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સાથે નૂતન વર્ષના અભિનંદન પાઠવું છું.

**એન. શ્રીવાસ્તવ, આઇએફએસ**
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

તા. ૨૦-૧૦-૨૦૧૪



# યુજીવીસીએલ દ્વારા જુસ્સાભેર અમલમાં મુકવામાં આવેલ 'સ્વચ્છ યુજીવીસીએલ' સફાઇ ઝુંબેશનો કાર્યક્રમ







આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા સેવવામાં આવેલ 'સ્વચ્છ ભારત'નું સ્વપ્ન સાકાર કરવા આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી તેમજ તેમના દ્વારા દેશના પ્રજાજનોને કરવામાં આવેલ આહવાન અંતર્ગત 'સ્વચ્છ અભિયાન' અન્વયે સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે કાર્યક્રમ અનુસાર ગુજરાત સરકારના તાબા હેઠળની તમામ કચેરીઓના તમામ અધિકારીઓ/કર્મચારીઓને તેઓના કાર્યમથકે યોજાનાર સફાઇ અભિયાનમાં સામેલ થવાનું જણાવવામાં આવેલ અને સફાઇ ઝુંબેશ અંગે જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવેલ જે અંતર્ગત તમામ કચેરીઓના રસ્તા, ઓફિસો, કામગીરીનું સ્થળ તથા સ્ટાફ કોલોની સ્વચ્છ રાખવાની કામગીરી કરવી, સંસ્થાના તાબા હેઠળની ઓફિસના દરેકે દરેક રૂમની મુલાકાત લઇ ફાઇલો, ડેડસ્ટોક, ફર્નિચર, જુના કમ્પ્યુટર વગેરે ક્યાં રાખવામાં આવે છે અને કઇ પરિસ્થિતિમાં રાખવામાં આવે છે તેની તપાસ કરી, બીન ઉપયોગી ફર્નિચર, પસ્તી, ડેડસ્ટોક વગેરેનો નિકાલ કરવો, જે તે શાખાઓમાં હાથ ઉપર જે ફાઇલ રેકોર્ડ વગેરે છે તે વર્ગિકૃત કરી રેકર્ડ રૂમમાં જમા કરાવવો, વર્ગિકૃત રેકર્ડ નાશ કરવા પાત્ર રેકર્ડ જુદો કરી કચેરીની કાર્યપદ્ધતિ પ્રમાણે તારીજ કરી નાશ કરવાની કામગીરી પૂર્ણ કરવી, રેકર્ડ નિભાવવા કોમ્પેક્ટ/રેક ઓછા પડતા હોય તો તે અંગે નાણાં વિભાગના પરામર્શમાં નાણાં મેળવી લેવાની કામગીરી કરવી. જેવી સૂચનાઓ આપવામાં આવેલ.

ગુજરાત સરકારશ્રી તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ના માર્ગદર્શન હેઠળ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના 'સ્વચ્છતા અભિયાન'ને સાચા અર્થમાં સાર્થક બનાવવા માટે કટિબદ્ધ થયેલ છે. જે અંગે નીચે જણાવેલ મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**તા. ૩૦/૯/૨૦૧૪**

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ કોર્પોરેટ ઓફિસના તમામ વિભાગોની મુલાકાત લઇને સફાઇ અંગેની કામગીરીનું અવલોકન કરવામાં આવેલ અને દરેક કર્મચારીઓને 'સ્વચ્છતા અભિયાન' અતર્ગત કરવામાં આવનાર કામગીરીથી વાકેફ કરવામાં આવેલ.

**તા. ૧/૧૦/૨૦૧૪**

ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની તમામ કચેરીના વિવિધ વિભાગોની તમામ ચીજવસ્તુઓ, ફર્નિચર, પસ્તી, ડેડસ્ટોક, બગડેલા કમ્પ્યુટર વગેરેનું નિકાલ કરી ઓફિસ સ્વચ્છ બનાવવાની કામગીરી હાથ ધરી. ઓફિસના પટાંગણને સાફસુથરૂ

રાખવાના પ્રયાસરૂપે દરેક વિભાગોમાં જરૂરિયાત પ્રમાણે ડસ્ટબીન ખરીદવામાં આવેલ. જેના ઉપર મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન તા. ૨/૧૦/૨૦૧૪ એમ લખાણ કરવામાં આવેલ.

### તા. ૨/૧૦/૨૦૧૪

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ તથા મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઇની આગેવાની હેઠળ એચ.આર. વિભાગ દ્વારા સવારે ૮.૩૦ કલાકે રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ અંતર્ગત આવેલ બાગબગીચા, સ્ટાફ કોલોની, કેનાલ તથા ઓફિસના પટાંગણને જીણવટભરી રીતે સાફ કરવામાં આવેલ. આ પ્રસંગે વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર મહેસાણા શ્રી એચ.એમ. રામી તથા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઇને 'સ્વસ્છતા મિશન અભિયાન' અંતર્ગત સફાઇ ઝુંબેશને સફળ બનાવવા પ્રત્યન કરેલ.

કંપનીના અધિકારીઓ/કર્મચારીઓએ એકઠા થઇને નીચે મુજબના શપથ ગ્રહણ કર્યા.

૧. કંપનીની દરેક કચેરી પરિસર સાફ સ્વચ્છ રાખવાનો પ્રયત્ન કરીશું અને કચરો પેટીમાં જ નાંખીશું.

૨. જો કોઇ પણ કચેરી કે કચેરી પરિસરમાં કચરો બહાર ક્યાંય પડેલો દેખાય તો દરેક અધિકારી/કર્મચારી પોતાની નૈતિક ફરજ સમજીને આ કચરાને ઉઠાવીને કચરા પેટીમાં નાંખશે.

૩. દરેક કચેરી ખાતે નિયમિતપણે હાઉશ-કીપિંગનો પુરતો ખ્યાલ રાખીશું.

૪. તમામ ફાઇલ - ફોલ્ડર - દસ્તાવેજ - રેકર્ડ્સ તથા અન્ય જરૂરી કાગળોને ગમે ત્યાં છુંટા ના ફેકતા યોગ્ય રીતે મુકીશું.

૫. દરેક કચેરી પરિસરમાં જ્યાં પણ ઝાડ-પાન હોય, ત્યાં યોગ્ય રીતે સાફ-સફાઇ તથા જરૂરી સમારકામ કરીશું તથા ફુલ-છોડ વાવીને નિયમિત સંભાળ રાખીશું.

૬. દરેક કચેરીએ ગટર તેમજ પાણી નિકાલની વ્યવસ્થાનું સમયાંતરે ધ્યાન રાખીશું કે જેથી ક્યાંય ગંદકીનો પ્રશ્ન ઊભો જ ના થાય.

૭. દરેક વિભાગીય લેબોરેટરીમાં મીટર સ્ટેકીંગ વ્યવસ્થિત રીતે થાય તેવી કાળજી લઇશું.

૮. દરેક આર.એસ.ઓ. ખાતે તમામ મટીરીયલને યોગ્ય રીતે ગોઠવીને મુકીશું.

'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા પાઠવવામાં આવેલ સૂચના અનુસાર સ્વચ્છતા ઝુંબેશ અન્વયે જરૂરી અવલોકન અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સૂત્રને ચરિતાર્થ કરવા તેમજ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ નિર્મળ ભારત અંગેના સેવેલ સ્વપ્નને સાકાર કરવાના ભગીરથ કાર્યને સફળ બનાવવા કંપની દ્વારા મહત્ત્વની કામગીરી સફળતાપૂર્વક અમલમાં મુકવા પ્રયત્નો હાથ ધરેલ. કંપનીના પરિસર, ઓફિસો, સ્ટાફ કોલોની, કેન્ટીન તથા કંપનીના દરવાજા બહારની ગટર લાઇનની સાફસફાઇ કરવામાં આવેલ. મહત્ત્વની વાત એ હતી કે સમગ્ર કામગીરી કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા વિવિધ સૂચનો કરવામાં આવેલ.

કર્મચારીઓને નિરંતર સફાઇની કામગીરી ચાલુ રહે તે માટે સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવેલ અને કાર્યક્રમને કાયમ માટે સફળ બને તે માટે આહવાન કરવામાં આવ્યું. મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા તમામ કર્મચારીઓ જોગ એક સંદેશ પાઠવવામાં આવેલ અને સાથે મળીને સફાઇ ઝુંબેશ સફળ બનાવવા માટે હાકલ કરવામાં આવેલ.

કંપનીની વિવિધ વર્તુળ કચેરીઓ જેવી કે પાલનપુર, મહેસાણા, હિંમતનગર તથા સાબરમતી ખાતેના અધિક્ષક ઇજનેરશ્રીઓ દ્વારા પણ તા. ૧/૧૦/૨૦૧૪ના રોજ મિટિંગોનું આયોજન કરી સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવેલ અને સફાઇ ઝુંબેશ અંગે જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવેલ. તાબા હેઠળના કાર્યપાલક ઇજનેર તથા નાયબ ઇજનેરોને પણ સફાઇ ઝુંબેશ માટે સફળ કામગીરી કરવા માટે અનુરોધ કરવામાં આવેલ. ■







# ચોથી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં હિંમતનગર ચેમ્પિયન જ્યારે પાલનપુર રનર્સ-અપ








તા. ૨૧-૯-૨૦૧૪ના રોજ સાબરમતી સર્કલ ઓફિસના યજમાન પદે ચોથી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન સાબરમતી સર્કલ ઓફિસના પટાંગણમાં કરવામાં આવેલ.

કંપનીના તાબા હેઠળના હિંમતનગર, સાબરમતી, મહેસાણા અને પાલનપુર સર્કલની ટીમોએ ભાગ લીધેલ. રસાકસીભરી રમતને અંતે પરંપરાગત હરીફ એવી પાલનપુર અને હિંમતનગરની ટીમ વચ્ચે ફાઈનલ મુકાબલો થયેલ. જેમાં હિંમતનગરની ટીમ વિજેતા થતા ચેમ્પિયન બનેલ છે. જ્યારે પાલનપુરની ટીમ રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટ પૂર્ણ થયા બાદ ઈન્ટર કંપની માટે કબડ્ડી ટીમની પસંદગી કરવામાં આવેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં

**ચોથી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટ ચેમ્પિયન થયેલ હિંમતનગરની ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એચ.આર. નીનામા | ઈલે. આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. હિંમતનગર |
| શ્રી એમ.આર. અસોડા | વોચમેન | વર્તુળ કચેરી હિંમતનગર |
| શ્રી એ.કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કે. ભિલોડા-૧ |
| શ્રી એ.એસ. અસોડા | લાઈન ઈન્સ્પેક્ટર | ગ્રામ્ય પે.વિ.ક. હિંમતનગર |
| શ્રી એસ.ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી ભીલોડા |
| શ્રી આર.એસ. કટારા | અધિક્ષક (હિસાબ) | વર્તુળ કચેરી હિંમતનગર |
| શ્રી આઈ.જી. ગામતી | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.ક. ખેડબ્રહ્મા |
| શ્રી એસ.બી. પટેલ | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.ક. સલાલ |
| શ્રી એમ.એલ. ફનેજા | જુનિયર આસિસ્ટન્ટ (મી.રી.) | પે.વિ.કે. ભીલોડા |
| શ્રી કે.એસ. ગામેતી | ઈલે. આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. ગાંભોઈ |

# કબડ્ડી




**ચોથી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટ રનર્સ-અપ થયેલ પાલનપુરની ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એસ.એસ. દેસાઇ | જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.) | પે.વિ.ક. પાથાવાડા |
| શ્રી આર.યુ. ઝાલા | લાઇનમેન | ગ્રામ્ય પે.વિ.ક. ગઢ |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. ઝેરડા |
| શ્રી વી.એમ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| શ્રી આર.ડી. ચૌહાણ | લાઇનમને | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| શ્રી એસ.જી. દેસાઇ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. છાપી |
| શ્રી પી.પી. પટેલ | ઇલે. આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| શ્રી ડી.આર. ભાટીયા | સિનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૨ |
| શ્રી આર.એમ. ચૌધરી | આસિસ્ટન્ટ લાઇનમેન | ગ્રામ્ય પે.વિ.ક. ભીલડી |
| શ્રી આર.એસ. માજીરાણા | પટાવાળા | ગ્રામ્ય પે.વિ.ક. ઇકબાલ ગઢ |

**ચોથી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.આર. અસોડા | વોચમેન | હિંમતનગર વર્તુળ કચેરી |
| શ્રી આઈ.જી. ગામેતી | ઇલે. આસિસ્ટન્ટ | ખેડબ્રહ્મા સબડિવિઝન |
| શ્રી એસ.બી. પટેલ | ઇલે. આસિસ્ટન્ટ | સલાલ સબડિવિઝન |
| શ્રી એચ.આર. નીનામા | ઇલે. આસિસ્ટન્ટ | હિંમતનગર રૂરલ સબડિવિઝન |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | ઝેરડા સબડિવિઝન |
| શ્રી પી.પી. પટેલ | ઇલે. આસિસ્ટન્ટ | દાંતા સબડિવિઝન |
| શ્રી આર.એમ. ચૌધરી | આસિસ્ટન્ટ લાઇનમેન | ભીલડી સબડિવિઝન |
| શ્રી વી.એમ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | દાંતા સબડિવિઝન |
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.) | ધોળકા (ટી) સબડિવિઝન |
| શ્રી એચ.આર. વાઘેલા | લાઇનમેન | ધોળકા (ટી) સબડિવિઝન |

અધિક્ષક ઇજનેર વતી કાર્યપાલક ઇજનેર સાબરમતી શ્રી ટી.વી. ધરાજીયાએ ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રમુખ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા જણાવેલ કે, કંપની દ્વારા વિવિધ રમત-ગમતના આયોજનથી કર્મચારીઓમાં સંઘભાવનાનો વિકાસ થશે અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીમાં સકારાત્મક પ્રતિસાદ મળશે. ખેલાડીઓને ખેલદિલી પૂર્વક રમી ટુર્નામેન્ટ સફળ બનાવવા અનુરોધ કરેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં કાર્યપાલક ઇજનેર શ્રી ટી.વી. ધરાજીયા, પર્સોનલ ઓફિસર શ્રી એસ.એલ. પટેલ ઉપસ્થિત રહેલ. શ્રી ધરાજીયા તથા નાયબ ઇજનેર મોનાબેન પટેલ દ્વારા વિજેતા ટીમના ખેલાડીઓને ટ્રોફી, ટી-શર્ટ અને રેપ્લિકા અર્પણ કરવામાં આવેલ. શ્રી મોનાબેન પટેલ દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી ઇન્ટર કંપની ટુર્નામેન્ટ માટે શુભેચ્છા પાઠવેલ. ટુર્નામેન્ટનું સફળ આયોજન એલ.એમ. મહીડાના નેતૃત્વ હેઠળ શ્રી પ્રફુલ ભંડેરી, શ્રી અલ્પેશભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવેલ. ■

# નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન








તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ નૂતન વર્ષના પ્રારંભે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના આજ્ઞાનુસાર રિક્રિએશન કલબ ખાતે કંપનીના કર્મચારીઓ એક બીજાને શુભેચ્છાની આપ-લે કરી શકે તેમજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવી શકે તે હેતુથી દર વર્ષે સ્નેહ મિલન સમારંભનું આયોજન હાથ ધરવામાં આવે છે. તે મુજબ આજ રોજ શ્રીમતી સી.આર. દેસાઇ મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી એસ.આર. પટેલ મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી આર.બી. કોઠારી જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી એ.સી. પ્રજાપતિ વિશેષ મહાપ્રબંધક (એચ. આર.), શ્રી એ.પી. પ્રજાપતિ વિશેષ મુખ્ય ઇજનેર જેટકો, શ્રી પી.જે. ત્રિવેદી વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી એ.જે. ત્રિવેદી નાયબ મહાપ્રબંધક (એચઆર) જેટકોની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી એ. સી. પ્રજાપતિ, નાયબ મહાપ્રબંધક (એચ. આર.) દ્વારા ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે આવકારવામાં આવેલ.

આ પ્રસંગે 'વૂમેન્સ ઇન પાવરસેક્ટર'ના એવોર્ડથી સન્માનિત કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી સી. આર. દેસાઇએ ઉપસ્થિત કર્મચારીઓને શુભેચ્છા સંદેશ પાઠવેલ. સુદ્રઢ અને પ્રગતિશીલ કામગીરી માટે જરૂરી લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે નવીન સંકલ્પો રજૂ કરવામાં આવેલ.

પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં શ્રી એસ.આર. પટેલ મુખ્ય ઇજનેરશ્રી દ્વારા કંપની દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી વધુ અસરકારક બને તે માટે પ્રયત્નો કરવા પર ભાર મુકેલ અને સલામતી માટે શ્રીમતી સી.આર. દેસાઇ દ્વારા કરવામાં આવેલ ચિંતાને પ્રતિસાદ આપી તમામ વર્ગ ૪ના કર્મચારીને સલામતીના સાધનોનો ઉપયોગ કરીને જ કામગીરી કરવા અનુરોધ કરેલ, કે જેથી અકસ્માત રહિત વાતાવરણ ઊભું થાય.

જનરલ મેનેજર (ફાઇનાન્સ) દ્વારા કંપનીના આર્થિક વિકાસ માટે જરૂરી લક્ષ્યાંકો અંગેની માહિતી આપી તે સિદ્ધ કરવા માટે જરૂરી પગલાંને વિસ્તૃત છણાવટ કરી પરિણામજન્ય કામગીરી કરવા સંલગ્ન અધિકારીઓને અનુરોધ કરેલ.

સદર કાર્યક્રમ જેટકો અને યુજીવીસીએલના સયુંક્ત ઉપક્રમે આયોજીત હોઈ, જેટકો તરફથી ઉપસ્થિત વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એ.પી. પ્રજાપતિ દ્વારા જેટકો સાથે સંકલન કરીને વીજવિતરણની સુદ્રઢ વ્યવસ્થા થઈ શકે તે માટે પ્રયત્નશીલ રહેવા અનુરોધ કરેલ અને તમામ કર્મચારીઓને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવેલ.

શ્રી એચ.બી. લિંબાચીયા નાયબ ઇજનેર દ્વારા વાતાવરણને હળવું બનાવવા નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી પોતાની આગવી શૈલી દ્વારા શાયરીની ભાષામાં ઉદ્‌બોધન કરેલ.

જેમના સફળ નેતૃત્વ હેઠળ કંપની ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરીને વિકાસની ગાથાનો નવો ઇતિહાસ રચી રહી છે તેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ઉપસ્થિત કર્મચારીઓને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી શુભ સંદેશ રજૂ કરવામાં આવેલ. અગાઉના વક્તાઓ દ્વારા રજૂ કરવામાં આવેલ વક્તવ્યને અનુમોદન આપીને તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઘોષિત 'સ્વચ્છ ભારત' અભિયાનને સતત સ્વચ્છતાને લગતી કામગીરી દ્વારા સફળ બનાવવા માટે હાકલ કરેલ. તાજેતરમાં થયેલ અકસ્માત અંગેની ગંભીર નોંધ લઇને સલામતી માટે તેઓશ્રી દ્વારા ખાસ ચિંતા વ્યક્ત કરવામાં આવેલ અને કંપનીના તમામ કર્મચારીઓને દિપાવલીની શુભેચ્છાઓ પાઠવેલ.

આભારવિધિ નવનિયુક્ત એચઆર એક્ઝિક્યુટિવ શ્રી એચ.એન. ભાવસાર દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈલેશભાઈ નાયક આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં મહિલા કર્મચારીઓની સંગીત ખુરશી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રીમતી સી.આર. દેસાઇ મુખ્ય ઇજનેર (ઓપરેશન) વિજેતા થયેલ. ■

# શ્રીમતી છાયાબેન આર. દેસાઈની મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે પુનઃ નિયુક્તિ




તા. ૨૬/૨/૨૦૧૪ના રોજ ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને કંપનીકરણ સુધીના ઈતિહાસમાં પ્રથમ મહિલા મુખ્ય ઈજનેર તથા ઇન્ડિયા પાવર એવોર્ડની 'વૂમન ઇન પાવર સેક્ટર'ની કેટેગરીના એવોર્ડથી સન્માનિત શ્રીમતી છાયાબેન આર. દેસાઈ નિવૃત્ત થયેલ.

ગૌરવપૂર્ણ ઐતિહાસીક કામગીરી દ્વારા કંપનીને હંમેશા અગ્રિમ હરોળમાં લઇ જનાર બાહોશ અધિકારી તરીકેની કારકિર્દીને ધ્યાનમાં લઇને કંપની દ્વારા તેઓની પુનઃ નિયુક્તિ દ્વારા મુલ્યવાન સેવાઓ લેવાનો નિર્ણય લીધેલ. જેના અનુસંધાનમાં સરકારશ્રી દ્વારા શ્રીમતી છાયાબેન આર. દેસાઇને મુખ્ય ઇજનેર (ઓપરેશન) તરીકે પુનઃ નિયુક્તિનો હુકમ કરેલ. જેના અનુસંધાનમાં તેણીએ તા. ૨૬-૮-૨૦૧૪ના રોજ પોતાની ફરજ શરૂ કરેલ છે.

કંપની તેમના અનુભવી માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી ગૌરવની લાગણી અનુભવે છે. ■

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. પ્રિયંક**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), એ. ગ્રુપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૮.૮૬ ટકા
**વાલી :** શ્રી મનિષ એ. ત્રિવેદી
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર,
હાઇટેક મીટર લેબોરેટરી, મહેસાણા



**ચિ. ચિરાગ**
બી.ઈ. (ઇલેક્ટ્રીકલ)
૮.૭ (એસપીઆઈ)
**વાલી :** શ્રી એ.પી. પટેલ
**હોદ્દો :** આસી. પર્સોનલ ઓફિસર
આરએન્ડસી ઓફિસ, મહેસાણા



**કુ. રીમા**
બી.ઈ. (કમ્પ્યુટર)
**સીજીપીએ :** ૭.૬૫
**વાલી :** શ્રી ચેતનકુમાર સી. ગાંધી
**હોદ્દો :** કાર્યપાલક ઇજનેર (કોમર્સ)
રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**કુ. રીચા**
બી.ઈ. (કમ્પ્યુટર)
**સીજીપીએ :** ૭.૧૦
**વાલી :** શ્રી ચેતનકુમાર સી. ગાંધી
**હોદ્દો :** કાર્યપાલક ઇજનેર (કોમર્સ)
રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

બંને સુપુત્રીઓએ ઉચ્ચ અભ્યાસઅર્થે અમેરિકામાં આવેલ આઈઆઈટી શિકાગો ખાતે પ્રવેશ મેળવેલ છે. યુજીવીસીએલ પરિવાર ગૌરવ અનુભવે છે અને સફળતા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

## નવમી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં

# શ્રી પી.પી. પ્રજાપતિ પુરૂષ વિભાગ તથા શ્રીમતી ચંદ્રીકાબેન મોદી મહિલા વિભાગમાં ચેમ્પિયન

તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે નવમી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન સાબર સ્ટેડિયમ હિંમતનગર ખાતે કરવામાં આવે. આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના મહેસાણા, પાલનપુર, સાબરમતી, હિંમતનગર સર્કલ અને કોર્પોરેટ ઓફિસના કર્મચારીભાઈઓ તથા બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધેલ.

ઉદ્‌ઘાટન સમારંભમાં હિંમતનગર સર્કલના સહાયક સચિવ શ્રી એ.એમ. ભગોરા, નાયબ ઇજનેર, શ્રી જે.પી. પ્રજાપતિ તથા સર્કલના નાયબ ઇજનેર શ્રી આઈ.જી. કટારાએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ. મંચ પર ઉપસ્થિત મહાનુભવોનું શબ્દોથી સ્વાગત કર્યા બાદ બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ અને ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટ







**તા. ૩થી ૪ ઓગસ્ટ ૨૦૧૪ દરમિયાન ભરૂચ ખાતે જેટકોના યજમાન પદે યોજાયેલ નવમી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પ્રભાવશાળી દેખાવ કરીને શ્રીમતી ચંદ્રીકાબેન એચ. મોદી સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર વિભાગીય કચેરી-૧ ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીકસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની ટુર્નામેન્ટમાં પસંદગી પામી યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે. યુજીવીસીએલ પરિવાર તેઓને અભિનંદન પાઠવે છે.**





# ટેબલ ટેનિસ

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષની યાદી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|---|
| ૧. | શ્રી પી.પી. પ્રજાપતિ | ઇલે. આસિસ્ટન્ટ | મહેસાણા ઇન્ડસ.ડી., મહેસાણા સર્કલ | ચેમ્પિયન |
| ૨. | શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ | એચ.આર., કોર્પોરેટ ઓફિસ મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|---|
| ૧. | શ્રી પી.પી. પ્રજાપતિ | ઇલે. આસિસ્ટન્ટ | મહેસાણા ઇન્ડસ.ડી., મહેસાણા સર્કલ | ચેમ્પિયન |
| ૨. | શ્રી જે.એમ. સોની | જુનિયર આસિસ્ટન્ટ | હાઇવે પે.વિ.ક., મહેસાણા સર્કલ | ચેમ્પિયન |
| ૩. | શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ-અપ |
| ૪. | શ્રી એન.પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ, પ્રોગ્રામર આઈ.ટી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાની યાદી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|---|
| ૧. | સી.એસ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | વિ.કા. પાલનપુર-૧, પાલનપુર સર્કલ | ચેમ્પિયન |
| ૨. | સી.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ગાંધીનગર, સાબરમતી સર્કલ | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાની યાદી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|---|
| ૧. | એમ.એસ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | વ.ક. હિંમતનગર, હિંમતનગર સર્કલ | ચેમ્પિયન |
| ૨. | એસ.એસ. કાપડિયા | જુનિયર આસિસ્ટન્ટ | વ.ક. હિંમતનગર, હિંમતનગર સર્કલ | ચેમ્પિયન |
| ૩. | સી.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ગાંધીનગર, સાબરમતી સર્કલ | રનર્સ-અપ |
| ૪. | એ.એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કા. બારેજડી, સાબરમતી સર્કલ | રનર્સ-અપ |

### ઈન્ટર કંપનીની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પંસદગી પામેલ યુજીવીસીએલ પુરૂષોની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી પી.પી. પ્રજાપતિ | ઇલે. આસિસ્ટન્ટ | ઇન્ડ. સબડિવિઝન, મહેસાણા સર્કલ |
| ૨. | શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| ૩. | શ્રી પી.જે ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇજનેર સિવિલ) | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| ૪. | શ્રી જે.એમ. સોની, | જુનિયર આસિસ્ટન્ટ | હાઇવે. પેટા વિભાગીય કચેરી, મહેસાણા સર્કલ |
| ૫. | શ્રી એસ.એચ. જાદવ | કા.ઇ. | ઇ.એમ.સી. ગાંધીનગર સાબરમતી સર્કલ |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | | |
| ૧. | શ્રી જે.એમ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી પાલનપુર-૧, પાલનપુર સર્કલ |
| ૨. | શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | આઈ.ટી. કોર્પોરેટ ઓફિસ મહેસાણા |

ખુલ્લી મૂકેલ.

અત્યંત રસ્સાકસીભરી ટુર્નામેન્ટને અંતે પુરૂષ વિભાગમાં શ્રી પી.પી. પ્રજાપતિ ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ, ઇન્ડસ્ટ્રીયલ સબડિવિઝન, મહેસાણા તથા મહિલા વિભાગમાં શ્રીમતી ચંદ્રીકાબેન મોદી, સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર વિભાગીય કચેરી-૧ ચેમ્પિયન થયેલ છે.

જ્યારે પુરૂષ વિભાગમાં શ્રી એન.બી. ઝાલા, જુનિયર આસિસ્ટન્ટ, એચ.આર. વિભાગ, કોર્પોરેટ ઓફિસ તથા મહિલા વિભાગમાં શ્રીમતી સી.કે. પટેલ જુનિયર આસિસ્ટન્ટ વિભાગીય કચેરી ગાંધીનગર રનર્સ-અપ થયેલ.

આ ટુર્નામેન્ટની રોમાંચક ઘટનામાં પુરૂષ વિભાગમાં ડબલ્સની ફાઇનલ મેચમાં પાંચ સેટના છેલ્લા પોઇન્ટ સુધી ગેમ ખેંચાતા પુરૂષ વિભાગની ફાઇનલ અત્યંત રોમાંચક બનેલ

# ટેબલ ટેનિસ

**ઈન્ટર કંપનીની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પંસદગી પામેલ યુજીવીસીએલ મહિલાની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | વિ.કા. પાલનપુર-૧, પાલનપુર સર્કલ |
| ૨. | સી.કે. પટેલ | જુનિયપ આસિસ્ટન્ટ | વિ.કા. ગાંધીનગર, સાબરમતી સર્કલ |
| ૩. | એમ.એસ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | વ.ક. હિંમતનગર, હિંમતનગર સર્કલ |
| ૪. | એ.એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કા. બારેજડી, સાબરમતી સર્કલ |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | | |
| ૧. | જે.બી. કેલા | સિનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી પાલનપુર-૧, પાલનપુર સર્કલ |
| ૨. | પી.જે. ડામોર | જુનિયર પ્રોગ્રામર | આર.એસ.ઓ., પાલનપુર, પાલનપુર મહેસાણા |





જેમાં મહેસાણા સર્કલની ટીમ ચેમ્પિયન બનેલ છે. જ્યારે કોર્પોરેટ ઓફિસની ટીમ રનર્સ-અપ થયેલ છે.

કાર્યક્રમના સમાપન સમારંભમાં કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી તથા શ્રી સુનિલભાઈ જાદવ, કાર્યપાલ ઇજનેર (આઈટી) ગાંધીનગર તથા શ્રી જે.પી. પ્રજાપતિ, નાયબ ઇજનેર (ટાઉન) હિંમતનગરના વરદ હસ્તે વિજેતાઓને ટ્રોફી, રેપ્લીકા તથા ટીશર્ટના ઇનામો અર્પણ કરવામાં આવેલ. હિંમતનગર સર્કલના કર્મચારીઓ શ્રી એ.એમ. ભગોરા તથા શ્રી ડી.આઈ. કુંપાવત દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરેલ.

વિજેતા ખેલાડીઓને ઇન્ટર કંપની ટુર્નામેન્ટ માટે સફળ થવાની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ઉદ્દ્ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી શૈલેશ નાયક સ્પોર્ટ્સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. ■

## સરિતા અને સાવન

(છંદ : શિખરિણી)

સમીપે શોભંતા, ખળખળ રવે, નીર વહેતા,
બનાવી કિનારા, સમતલ પટે, વેગ કરતા.
નભે સાંજો ગાજે, ગડ ગડ નિનાદે, ઘન ઘુમે,
થયેલુ આકાશી, મન વરસવા આતુર દિસે.
ઈશાને આરંભે, પવન રચતો, મેઘ રમતો,
ભમીને દિશાઓ, દશ બસ બધી એક કરતો.
રચાતા લિસોટા, ગગનચમકારે વીજ તણા,
અહીંયા આ કેવા, નયન વસતા એ રૂપ સજે.
ઘટા મેઘો કેરી, ઘનઅંબર શ્યામ રચી રહ્યા,
ઉભેલા ઓવારે, અચરજભર્યા સૌ નીરખતા.
વર્ષાદી ધારાએ, ઉદક ભરતી, એક સરિતા,
અમે ઊભા માંહી, નયન પલકે મેઘ ઝીલતા.
મિલાપે પૃથ્વીને, ગગન વરસે, આ રૂપ ધરી,
અહો એકાકારે, મન મગન ને તૃપ્ત ધરતી.



## આજ આવશે વરસાદ

સવારે સવારી લઇ આવતા વાદળ, બપોર પછી પલાયન,
મયુર ટહુકારે ના કોઇ પ્રતિસાદ,વિલંબમાં મેઘ આગમન.

ગ્રીષ્મ પ્રખર તાપે રેતનો ભંડાર બનેલા તરસે નદી સરવર,
વૃક્ષ વનસ્પતિ ઝંખે,પશુ પક્ષી તણા બેચેન પ્રચલન
આજ આવશે ને આવતી કાલ કરતા વીતી રહયો અષાઢ.
ધરાતલે આતુર સૌ કૃષિકારના નયન નેજવે આકાશ દર્શન.

નીલ નભમાં ફેલાયું ઘેરા ભુખરા રંગનું આચ્છાદન,
ઉષ્મ ઉકળાટમાં હવે શીતળ સ્પર્શ થઇ વહેતો પવન.

જ્યોતિષ જ્ઞાનનો ને મોસમવિજ્ઞાનનો એકસરખો અણસાર
ઉદ્ગ્રીવ દૃષ્ટિ આકાશે, અવશ્ય આજ આવશે વરસાદ.



**ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર,
લાયઝન ઓફિસ, ગાંધીનગર

# ઈન્ટર સર્કલ ટેઈનીકોઈટ ટુર્નામેન્ટમાં નીતાબેન સાટોડીયા સતત છઠ્ઠા વર્ષે ચેમ્પિયન શ્રીમતી પ્રવિણાબેન પટેલ રનર્સ-અપ



તા. ૨૦-૯-૨૦૧૪ના રોજ સાબરમતી સર્કલ ઓફિસના પટાંગણમાં નવમી ઈન્ટર કંપની ટેઈનીકોઈટ ટુર્નામેન્ટનું આયોજન સાબરમતી સર્કલના યજમાનપદે કરવામાં આવેલ. કંપનીના તાબા હેઠળની સર્કલ ઓફિસની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

ઉદ્‌ઘાટન સમારોહમાં કંપનીના વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર શ્રી બી.પી. બુચ, સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી શૈલેશ નાયક, સહાયક સચિવ શ્રી એલ.એમ. મહીડા ઉપસ્થિત રહેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી બુચ દ્વારા ઉપસ્થિત મહિલા ખેલાડીઓને ટુર્નામેન્ટ સ્પોર્ટ્સમેન સ્પીરીટથી રમવા માટે અનુરોધ કરી શુભેચ્છાઓ પાઠવેલ. વિશેષ મહાપ્રબંધક દ્વારા ઉપસ્થિત મહિલાખેલાડીઓને રમત-ગમતના મહત્ત્વ દ્વારા કંપનીના કામગીરીમાં શું ફેર પડી શકે છે તેની સમજ આપી ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલ. દિપ પ્રાગટ્ય બાદ ટુર્નામેન્ટને વિધિવત રીતે ખુલ્લી મુકવામાં આવેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં અધિક્ષક ઈજનેર વતી કાર્યપાલક ઈજનેર શ્રી ટી.વી. ધરાજીયા તથા સહાયક સચિવ શ્રી લલિતકુમાર મહીડા દ્વારા વિજેતા ખેલાડીઓને ટી-શર્ટ, ટ્રોફી તથા રેપ્લિકા અર્પણ કરવામાં આવેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી ટી. બી. ધરાજીયાએ ટુર્નામેન્ટની ફાળવણી બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર માનેલ, તેમજ વિજેતા ખેલાડીઓને અભિનંદન

તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ યુજીવીસીએલના યજમાનપદે સાબર સ્ટેડિયમ હિંમતનગર ખાતે યોજાયેલ નવમી ઈન્ટર કંપની ટુર્નામેન્ટના પરિણામો

**ઈન્ટર કંપની ' ટેઈનીકોઈટ ટુર્નામેન્ટના સિંગલસના પરિણામો**

| ક્રમ | કર્મચારીનું નામ | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|
| ૧. | પી.પી. મિશ્રા | વણાકબોરી ટીપીએસ, જીએસઈસીએલ | ચેમ્પિયન |
| ૨. | પી.જી. ચૌહાણ | કોર્પોરેટ ઓફિસ, જેટકો | રનર્સ-અપ |

**ઈન્ટર કંપની' ટેઈનીકોઈટ ટુર્નામેન્ટના ડબલ્સના પરિણામો**

| ક્રમ | કર્મચારીનું નામ | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|
| ૧. | પી.જી. ચૌહાણ | કોર્પોરેટ ઓફિસ, જટકો | ચેમ્પિયન |
| ૨. | વાય.જી. ઓઝા | કોર્પોરેટ ઓફિસ જેટકો | ચેમ્પિયન |
| ૩. | જે.એમ. નાદણીયા | કોર્પોરેટ ઓફિસ, પીજીવીસીએલ | રનર્સ-અપ |
| ૪. | એમ.આર. પંડિયા | દરબાર ગઢ સબડિવિઝન | રનર્સ-અપ |

**ઈન્ટર સર્કલ ટેઈનીકોઈટ ટુર્નામેન્ટના સિંગલ્સ/ડબલ્સના પરિણામો**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | વિજેતા |
|---|---|---|---|
| એન.ડી. સાટોડીયા | જુની. આસી. | બોપલ વિભાગીય કચેરી | સિંગલ્સ ચેમ્પિયન |
| પી.વી. પટેલ | જુની. આસી. | સિદ્ધપુર રૂરલ સબડિવિઝન | સિંગલ્સ રનર્સ-અપ |
| એન.ડી. સાટોડીયા | જુની. આસી. | બોપલ વિભાગીય કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| એમ.બી. પટેલ | ડે.એન્જિનિયર | સાબરમતી સર્કલ ઓફિસ | ડબલ્સ ચેમ્પિયન |
| પી.બી. પટેલ | જુની. આસી. | સિદ્ધપુર રૂરલ સબડિવિઝન | ડબલ્સ રનર્સ-અપ |
| એચ.વી. સુથાર | જુની. આસી. | ડિસા રૂરલ સબડિવિઝન, પાલનપુર સર્કલ | ડબલ્સ રનર્સ-અપ |

**ઈન્ટર કંપની' ટેઈનીકોઈટ ટુર્નામેન્ટમાં પંસદગી પામેલ યુજીવીસીએલ ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| એન.ડી. સાટોડીયા | જુની. આસી. | બોપલ વિભાગીય કચેરી, સાબરમતી સર્કલ |
| પી.બી. પટેલ | જુની. આસી. | સિદ્ધપુર રૂરલ સબડિવિઝન, પાલનપુર સર્કલ |
| એચ.વી. સુથાર | જુની. આસી. | ડિસા રૂરલ સબડિવિઝન, પાલનપુર સર્કલ |
| એમ.બી. પટેલ | ડેપ્યુટી એન્જિનિયર | સાબરમતી સર્કલ ઓફિસ |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | |
| જે.ટી. પંજવાણી | જુની. આસી. | દાંતા સબડિવિઝન, પાલનપુર સર્કલ |
| સી.કે. પટેલ | જુની. આસી. | ગાંધીનગર વિભાગીય કચેરી, સાબરમતી સર્કલ |

પાઠવેલ. તેમજ હિંમતનગર ખાતે યોજાનાર ઈન્ટર કંપની ટેઈનીકોઈટ ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલ.

શ્રી મહેલુભાઈ કોરડીયા દ્વારા ટુર્નામેન્ટમાં રેફી તરીકે સેવાઓ આપેલ. શ્રી મહીડાના નેતૃત્વ હેઠળ શ્રી અલ્પેશભાઈ ચૌધરી, શ્રી પ્રફુલભાઈ ભડેરી તથા ભુરાભાઈએ ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરેલ. ■

# યુજીવીસીએલ દ્વારા નવમી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન












પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે નવમી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૬-૭-૨૦૧૪થી તા. ૨૭-૭-૨૦૧૪ દરમિયાન શક્તિપીઠ અંબાજી મુકામે શ્રી કાળીદાસ મિસ્ત્રી ભવન ખાતે યોજાઈ હતી.

વરસાદના આગમન સાથેના મનોરમ્ય વાતાવરણ વચ્ચે ટુર્નામેન્ટનું સુંદર આયોજન પાલનપુર કચેરી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના નવનિયુક્ત વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર પાલનપુર શ્રી એ.કે. મંગલ, ઉપસ્થિત રહેલ. ટુર્નામેન્ટ રેફ્રી તરીકે શ્રી ચિંતનભાઈ ત્રિવેદી તથા શ્રી કે.વી. ભટ્ટે સેવા આપેલ. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટ ખુલ્લી મુકેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી એ.કે. મંગલ દ્વારા તમામ ખેલાડીઓને સફળતાઓ માટે શુભેચ્છાઓ પાઠવેલ અને ટુર્નામેન્ટના આયોજન પાછળના કંપનીના ઉદ્દેશોને સિદ્ધ કરવાની દિશામાં સહકારની ભાવના તથા સ્પોર્ટ્સમેન સ્પીરીટની ભાવનામાં સહભાગી થવાની પ્રરણા મેળવવા અપીલ કરેલ.




પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી એ.સી. પ્રજાપતિએ ખેલાડીઓને ખેલદીલીની ભાવનાથી રમીને સફળતા પૂર્વક ટુર્નામેન્ટના આયોજનમાં સહકાર આપવા અપીલ કરેલ. રમત-ગમત દ્વારા ખેલદીલીની ભાવના સાથે કંપનીના લક્ષ્યાંકો સિદ્ધ કરવા પ્રેરણા પૂરી પાડેલ. આ વર્ષે શ્રી એમ.એમ. સૈયદ પાલનપુર સબડિવિઝન સેવા નિવૃત્ત થનાર હોઈ તેઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ પાલનપુર | ચેમ્પિયન |
| શ્રી કે.એમ. રાવલ | સિનિયર સ્ટેનોગ્રાફર | સર્કલ ઓફિસ સાબરમતી | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ પાલનપુર | ચેમ્પિયન |
| શ્રી એમ.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ પાલનપુર | ચેમ્પિયન |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનોગ્રાફર | સર્કલ ઓફિસ સાબરમતી | રનર્સ-અપ |
| શ્રી આર.ડી. રાવલ | ગેસ્ટહાઉસ મેનેજર | સર્કલ ઓફિસ સાબરમતી | રનર્સ-અપ |

# કેરમ ટુર્નામેન્ટ

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી એચ.આર. ચાવડા | પ્યુન | સર્કલ ઓફિસ પાલનપુર | ચેમ્પિયન |
| કુ. એન.આર. પરમાર | જુની. આસી. | સર્કલ ઓફિસ, પાલનપુર | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી એચ.આર. ચાવડા | પ્યુન | સર્કલ ઓફિસ, પાલનપુર | ચેમ્પિયન |
| કુ. એન.આર. પરમાર | જુની.આસી. | સર્કલ ઓફિસ, પાલનપુર | ચેમ્પિયન |
| કુ. પી.કે. પરમાર | જુની.આસી. | સર્કલ ઓફિસ, સાબરમતી | રનર્સ-અપ |
| શ્રીમતી ડી.એન. દવે | સીની.આસી. | સર્કલ ઓફિસ, સાબરમતી | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટમાં પંસદગી પામેલ પુરૂષોની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, આરએસઓ |
| ૨. | શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનો | સાબરમતી, કોર્પોરેટ ઓફિસ |
| ૩. | શ્રી એ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | તલોદ ડિવિઝન ઓફિસ |
| ૪. | શ્રી એમ.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સબડિવિઝન |
| ૫. | શ્રી કે.જી. પાઠક | ડેપ્યુટી સુપ્રિટેન્ડર (એકા.) | તલોદ ડિવિઝન ઓફિસ |
| ૬. | શ્રી એમ.એચ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | મહેસાણા સર્કલ ઓફિસ |
| સ્ટેન્ડ બાય પ્લેયર | | | |
| ૧. | શ્રી એન.કે. નીનામા | સિનિયર આસિસ્ટન્ટ | જાદર સબડિવિઝન |
| ૨. | શ્રી સી.એમ. દેસાઇ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, ડી.ઓ.આઈ. |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટમાં પંસદગી પામેલ મહિલાની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | એચ.એ. ચાવડા | પ્યુન | પાલનપુર (ટી) સબડિવિઝન |
| ૨. | એન.આર. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર (રૂરલ) સબડિવિઝન |
| ૩. | એ.બી. મોદી | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર (ટી) સબડિવિઝન |
| ૪. | પી.કે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન |
| સ્ટેન્ડ બાય પ્લેયર | | | |
| ૧. | એચ.વી. સુથાર | જુનિયર આસિસ્ટન્ટ | ડિસા, (રૂરલ) સબડિવિઝન |
| ૨. | ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | ચાંદખેડા સબડિવિઝન |

આવેલ. શ્રી સૈયદ પોતાની કારકિર્દી દરમિયાન ક્રિકેટ તેમજ કેરમની રમતમાં પ્રસંશનિય યોગદાન આપેલ અને એક રમતવીર તરીકે કંપીનીને ગૌરવ અપાવેલ. જેની ઉપસ્થિત અધિકારીગણ દ્વારા નોંધ લેવામાં આવેલ.

સમાપન સમારંભમાં શ્રી એ.કે. મંગલ તથા ઉપસ્થિત મહાનુભવો દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટી-શર્ટ તથા રેપ્લિકા અર્પણ કરવામાં આવેલ તથા વિજેતા તેમજ પસંદગી પામેલ ખેલાડીઓને ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન તેમજ સમાપન સમારંભનું ઉદ્‌ઘોષણા શ્રી સ્નેહલકુમાર ડી. જોષીએ સફળતા પૂવક કરેલ. ■














UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com